# શ્રી ભગવાન મહાવીર સ્વામી

## નું શાસન

# મોક્ષમાર્ગમાં ચલાવનાર આત્મજ્ઞાનીના સ્વરૂપનું વર્ણન 'સદ્‌ગુરૂ'

**અજ્ઞાનીના જ્ઞાનમાં અહંકાર પડેલો છે. ..............જ્ઞાનીના જ્ઞાનમાં નમ્રતા પડેલી છે.**

**અજ્ઞાની એક ક્રિયા કરાવતા અનંત કર્મો બંધાવે ....જ્ઞાની એક ક્રિયા કરાવતા અનંત કર્મો ખપાવે.**

**અજ્ઞાનીના એક સંકલ્પમાંથી અનેક વિકલ્પો ઉઠે.....જ્ઞાનીના એક સંકલ્પથી અનેક વિકલ્પો ટળે.**

**અજ્ઞાની એક પાનામાંથી આખું પુસ્તક રચે. .........જ્ઞાની આખા પુસ્તકનો સાર એક વાક્યમાં આપે.**

**અજ્ઞાની એકમાંથી અનેકમાં લઇ જાય. ..............જ્ઞાની અનેકમાંથી એકમાં લઇ જાય.**

**અજ્ઞાની વ્યક્તિનો અભાવ કરે છે. ..................જ્ઞાની તેની વૃતિનો અભાવ કરે છે.**

**અજ્ઞાની ચમત્કારો કરે છે. (તંત્ર મંત્રના સહારે) .....જ્ઞાની ચમત્કારો સર્જે છે. (પરમાત્માની વંદના કરતા)**

**અજ્ઞાની શુભકાર્યમાં બાળજીવોના કષાયો દબાવે છે. .જ્ઞાની શુભકાર્યમાં બાળજીવોના કષાયો કપાવે છે.**

**અજ્ઞાની બાળજીવોને શુભ-અશુભ ભાવોમાં રાખે. ....જ્ઞાની બાળજીવોને તેનાથી આગળ શુધ્ધ ભાવમાં લઇ જાય.**

**અજ્ઞાની ત્યાગનો આગ્રહ કરાવે .....................જ્ઞાની વૈરાગ્યને ધારણ કરાવે.**

**અજ્ઞાની બુધ્ધિસભર બનાવે ........................જ્ઞાની જ્ઞાનસભર બનાવે.**

**અજ્ઞાની આનંદ ઉછીનો અપાવે. ..........જ્ઞાની આનંદ અંતરમાં ઉગાડે.**

## જૈનો જાગો

લેખાંક : ૯

આપણે આગળના લેખાંકોમાં જીવે જ્ઞાનની કેવા કેવા પ્રકારે વિરાધના કરી તેની વિચારણા કરી. જ્ઞાનની વિરાધના કરી છે તેની ખાત્રી સ્વરૂપે આગળ વિચારણા કરીએ.

આપણને આ ભવમાં (૩૦ વર્ષ, ૪૦ વર્ષ, ૭૦ વર્ષની ઉંમર સુધીના) મોટાભાગના જીવોને મોક્ષમાર્ગની બુધ્ધિગમ્ય અને અનુભવગમ્ય જાણકારી મળી નથી અથવા મેળવી નથી અથવા મેળવવાની ઝુરણા થઇ નથી. શ્રી મહાવીર ભગવાને આપેલો મોક્ષમાર્ગ, પરમાત્માના વચન પ્રમાણે પાંચમા આરાના અંત સુધી ખુલ્લો છે. પાંચમાં આરાના અંત સુધી પરમાત્માના શાસ્ત્રો સાથે છે. શાસ્ત્ર સમજવા માટે અને માનવા માટે છે (બુધ્ધિગમ્ય). અને ચૌદ ગુણસ્થાનક જીવની અનુભવદશા (અંતરદશા) જાણવા માટે છે (અનુભવગમ્ય). શ્રી તીર્થંકર પરમાત્માનો આપેલો મોક્ષમાર્ગ બુધ્ધિગમ્ય, અનુભવગમ્ય અને

*** સત્સંગ ***
**સંત વિના અંતની વાતોનો અંત નથી !**

પાંચમાં આરાના અંત સુધી એક ફક્ત કેવળજ્ઞાનનો નિષેધ કરીને ચાર જ્ઞાન (મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવ જ્ઞાન) સહીતનો મોક્ષમાર્ગ ચાલુ છે.

મોક્ષમાર્ગમાં કેવા જીવ થકી બાળજીવો ચાલી શકે તેનું જ્ઞાન શાસ્ત્રોમાં સરળતાથી આપેલું છે, જેમકે પાંચમાં આરામાં કેવળજ્ઞાન અને શ્રી તીર્થંકર પરમાત્માનો વિયોગ હોવાથી ગુરુ પરંપરાનું સ્થાપન કર્યું છે. એ ગુરુ પરંપરામાં શ્રી નમસ્કાર મહામંત્રના ત્રીજા પદમાં બતાવેલા આચાર્ય ભગવંત (છત્રીસ ગુણો સહીત) બાળજીવોને મોક્ષમાર્ગમાં ચલાવી શકે. (સિધ્ધાંત બોધ ધારણ કરાવે અને ઉપદેશ બોધનો આધાર આપે).

જીવને આ ભવમાં ક્યારેય એવી સત્યની ઝુરણા થઇ કે અત્યારે છત્રીસ ગુણોથી યુક્ત આચાર્ય ભગવંત કેટલા? અને છેલ્લા સો વર્ષોમાં કેટલા થયા ? આવા આચાર્ય ભગવંતોનું સ્મરણ જીવે ક્યારે કર્યું ? તેમની જાણકારી મેળવી ? તેમનું જીવનચરીત્ર જાણ્યું ? તેમના પુસ્તકો વાંચ્યા ? જો આ મેળવ્યું હોય અને માન્યું હોય તો જીવને આત્મલક્ષી થતા વાર કેટલી ? જો આવા યોગો આ ભવમાં ન મળ્યા હોય તો જન્મે જૈન બન્યો પણ જીવનથી જૈન ન બની શક્યો. (ભાવે માર્ગાનુસારીપણું પ્રાપ્ત ન કર્યું).

જીવે આ ભવમાં પદાર્થોનું જ્ઞાન, જીવોનું જ્ઞાન, ક્ષેત્રનું જ્ઞાન કેટલું મેળવ્યું ? સમજણો થયો ત્યારથી જે કષાયો હતા તેમાં અત્યાર સુધીમાં કેટલા ઘટ્યા ? આત્મિક ગુણો કેટલા પ્રકાશીત થયા ? તેનો જીવે વિચાર કરવો. (મિથ્યાત્વનું કેટલું મંદપણું થયું). પૂર્વભવમાં જીવે જ્ઞાનની કરેલી વિરાધનાનું ફળ વર્તમાન ભવમાં આવા પ્રકારે ભોગવે છે અને હજુ પણ વિરાધનાનો ક્રમ ચાલુ રાખે તો ભાવી ભવોમાં જીવની કેવી દશા થાય?

જીવે જ્ઞાનની જાણકારી જ્યાંથી પણ મળે ત્યાંથી મેળવવી જોઇએ. જે વાંચનથી આત્માના ગુણોનું ઉલ્લાસ પામવું અને દૃષ્ટિ આત્મા તરફ વાળવી તેને સત્યની ઝુરણા કહેવાય. તેમાં પરંપરાનો આગ્રહ ન રખાય, ગચ્છ-મતનો આગ્રહ ન રખાય, વેશનો આગ્રહ ન રખાય, પણ સાચા જ્ઞાનનો આગ્રહ રખાય અને એ જ્ઞાનને પોતાના સંપ્રદાયને અનુરૂપ કિયાઓમાં સ્થાપન કરીને આત્મલક્ષી થવાય.

જીવે મિથ્યાજ્ઞાન અને સાચા જ્ઞાનની વ્યાખ્યા સમજવી જોઇએ. **"જ્ઞાન, જ્ઞાનીના હૃદયમાં હોય છે કે વેશમાં?"** સાચુ જ્ઞાન જાણવાની વૃત્તિવાળા જીવોએ શ્રાવક અને સાધુપણાનો આગ્રહ છોડી દેવો જોઇએ. આરાધવા માટે સાધુપણાનો આગ્રહ સ્વીકાર્ય છે પણ જાણકારી લેવા અને વાંચન કરવા માટે એવો આગ્રહ ન હોવો જોઇએ. બાળજીવો પાંચમાં આરામાં છેત્રાય નહી તેને માટે સાધુપણાના વેશનું સ્થાપન કરેલું છે. (બીજા પરમાત્માથી લઇને ત્રેવીસમાં તીર્થંકર પરમાત્મા સુધી સાધુ-સાધ્વીઓના પણ વિવિધ રંગી વેશો હતા)

**જીવોને સમકિત (વધીને ૧૫ ભવ મર્યાદાવાળું) પ્રાપ્તિ માટે શાસ્ત્રમાં સ્પષ્ટપણે જણાવેલું છે કે જે જીવે આત્માને જાણ્યો, આત્માને માન્યો અને આત્માને અનુભવ્યો એવા અનુભવીના આશ્રયે જઇને તેમની આજ્ઞા એજ ધર્મ અને તેની આજ્ઞામાં રહેવા માટે જે કંઇ પુરૂષાર્થ તેને તપ કહેલ છે.**

**મોક્ષનો માર્ગ શાસ્ત્રમાં પડેલો છે અને મર્મ જ્ઞાનીના હૃદયમાં પડેલો છે.**

તો એવા જ્ઞાનીનો યોગ ન થાય ત્યાં સુધી જીવે આવા જ્ઞાની પુરુષની ઝુરણા કરવી જોઇએ અને યોગ થાય તો આરાધવા જોઇએ.

હવે આપણે જ્ઞાની પુરુષોની વિચારણા કરીએ. આપણા શાસ્ત્રોમાં પાંચમાં આરાના અંત સુધી મોક્ષમાર્ગમાં ચલાવવાવાળા જ્ઞાની પુરુષો (ભાવે છઠ્ઠા ગુણસ્થાનકવાળા અને ભાવે સાતમા ગુણસ્થાનકવાળા) બતાવેલ છે. છઠ્ઠા ગુણસ્થાનકવાળા જ્ઞાની પુરુષો સ્વધર્મમાં સંપ્રદાયનું સ્થાપન કરે છે. અને સાતમા ગુણસ્થાનકવાળા જ્ઞાની પુરુષો સ્વધર્મમાં પરમાત્માના તત્વોનું મુળ સ્વરૂપે સ્થાપન કરે છે. આવા છત્રીસ ગુણોથી યુક્ત જ્ઞાની પુરુષો અને સાતમા ગુણસ્થાનકવાળા એક ભવે મોક્ષે જવાવાળા જ્ઞાની પુરુષોની ઓળખવાની વિચારણા આગળના લેખાંકમાં કરીશું. જ્ઞાની પુરુષોની કેવી વિચારદશા હોય કેવી જ્ઞાન દશા હોય કેવી ભાવ દશા હોય જગત પ્રત્યે કેવા પ્રકારના ઉદાસીન ભાવ હોય કેવા પ્રકારની સમજણશક્તિ હોય વૈરાગ્યભાવ કેવો હોય કેવા દોષોથી રહીત હોય જે સ્થિતીમાં જ્ઞાન પ્રગટ થયા પછી શા માટે સ્થિતી બદલાવતા નથી તેના કારણો, બાળજીવોને કેવી રીતે મોક્ષમાર્ગમાં લાવીને સમકિત આપે છે. (સાત પ્રકૃતિનો ક્ષય કેવી રીતે કરે છે) ચાર કષાય પ્રકૃતિ અને ત્રણ (મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમકિત મોહનીય) પ્રકૃતિનો ક્ષય જ્ઞાની પુરુષ કેવી રીતે કરાવે છે તેની આગળના લેખાંકમાં વિચારણા કરીશું.

જીવની ત્રણ પ્રકૃતિના ક્ષય માટે જ્ઞાની પુરુષ કેવી યોગમુદ્રા ધારણ કરે છે ? વિતરાગ મુદ્રા, અન્ય ધર્મમાં જેને ખેચરી મુદ્રા કહે છે. તે બે પ્રકારની યોગીક ક્રિયા : પ્રતિમાજી હોય તેવા ધર્મમાં અંગપુજા અને જે સંપ્રદાયમાં પ્રતિમાજી ન હોય તેવા ધર્મમાં યોગીક નૃત્ય દ્વારા જ્ઞાની પુરુષો કેવી રીતે ત્રણ પ્રકૃતિનો ક્ષય કરાવે છે તેની આગળના લેખાંકમાં વિચારણા કરીશું.

જ્ઞાની પુરુષો માટે અલગ અલગ પ્રકારના જીવો અલગ અલગ રીતે અલગ અલગ સંબોધનોથી આદર કરે છે. જેમકે સદ્‌ગુરૂ, ગુરૂદેવ, સંતપુરુષ, આચાર્ય ભગવંત વિગેરે. આ સર્વ સંબોધનોનો સાર આત્મજ્ઞાની પુરુષ (આત્મસાક્ષાત્કાર) કહેવાય.

*** સત્સંગનું ફળ ***
**જીવને સંસારમાં સહજ સ્વરૂપે શાંતી મળે અને આત્મામાં સર્વ સમય માટે સ્થિરતા મળે.**
**અનેક વિકલ્પોમાંથી પાછો વાળે અને એક સંકલ્પમાં લઇ જાય 'મોક્ષગતિ'**

જૈન ધર્મમાં શ્રી મહાવીર ભગવાનના તત્વોનું બળવાનપણે સ્થાપન કર્યું એવા મહાપુરુષો જેવા કે **શ્રી માનતુંગસુરીશ્વરજી ભગવંત** (ભક્તામર સ્તોત્ર રચનાર), **શ્રી આનંદઘનજી ભગવંત** (શ્રી ચોવીશ તીર્થંકરોની સ્તવનાવલિ રચનાર), **શ્રી યશોવિજયજી ભગવંત** (આઠ દૃષ્ટિની સજ્જાય રચનાર), **શ્રીમદ્ રાજચંદ્રજી** (આત્મસિધ્ધિ શાસ્ત્ર રચનાર) અને **શ્રી કાનજીસ્વામી** (સમયસારનું વિવેચન) વિગેરે ઉપર યથાર્થ સ્વરૂપે આગળના લેખાંકોમાં વિચારણા કરીશું.

આનંદ - આનંદ - આનંદ
પ્રભુ-પ્રભુ-પ્રભુ

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઇપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઇપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઇપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઇપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઇપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઇને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.